ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

.

# સુરેન્દ્રનગરનો વણાટ ઉદ્યોગ અને તેનું વર્ગીકરણ

**રાઠોડ અનિલકુમાર એમ**

પી. એચડી. સ્કોલર

એમ. કે. બી. યુનિવર્સીટિ

ભાવનગર

માનવજીવનની શરુઆત થઈ ત્યારથી માણસ જુદી જુદી શોધો કરીને જીવનજીવવાની હાડમારીઓ ઓછી કરીને વધુને વધુ સરળતાથી જીવન જીવવા પ્રયત્નો કરી રહ્યો છે. આજના આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજી એટલી હદે વિકાસ પામ્યા છે કે જેના કારણે માણસ પોતે આળસુ અને પ્રમાદી બની ગયો છે. આમ ભૌતિક સુવિધા મેળવતો માનવી આંગળીના ટેરવે મોબાઈલ દ્વારા તેના મોટાભાગના કાર્યોને પૂર્ણ કરી નાખે છે. જ્યારે માનવજીવનની શરૂઆતમા માણસ નગ્ન હશે અને તે વિકાસ પામતા શરૂઆતમાં જંગલના ઝાડના પાંદડા અને છાલો દ્વારા પોતાના અંગને ઢાંકતો થયો હશે. ત્યારબાદ ધીમે ધીમે વિકાસ પામતા પોતે રેસાઓ વણતો થયો હશે અને તેના દ્વારા કાપડ બનાવતો હશે. જેને સીવિને તે પોતાના અંગોને ઢાંકતો થયો હશે. હડ્પ્પા કાલીન સભ્યતામાંથી મળેલા અવશેષો આધારે હડ્પ્પા કાલીન સભ્યતાનો માનવી પોતાના કપડા તાંબા અથવા હાથીદાંતની સોયનો ઉપયોગ કરી સિવતો હતો.(1)

માણસ સમય સાથે અનુકુલન સાધતો ગયો અને ધીમે ધીમે અવનવી શોધ કરતો ગયો. ઋગ્વેદના રચયતા ઋષિઓમાંના ગુરુમત્સ ઋષિ જણાવે છે કે શરૂઆતમાં રેસાઓની શોધ ગુરુમત્સ કરી અને અવનવી રીતે તેને જોડીને ધીમે ધીમે કાપડ વણવાનું શરૂ કર્યુ હતુ. આથી એમ કહી શકાય કે વણાટકામનો વ્યવસાય સાથે જોડાયેલા લોકોના તેઓ આદ્ય ગુરુ કહેવાય છે અને તેના આધારે વણકરો તેના સંતાનો કહેવાય ખરા. એટલે કે વણકરો એ ઋષિ પુત્રો હોવા જોઈએ. (2)

પ્રાચીન ભારતીય સમાજમાં ગ્રુહ ઉદ્યોગ ખૂબ બહોળા પ્રમાણમાં વિકાસ પામ્યો હતો. ઋગ્વેદકાળમાં સુથારીકામ મુખ્ય વ્યવસાય કહેવાતો જ્યારે વણાટ ઉદ્યોગ પણ એક મુખ્ય વ્યવસાય હતો. પરંતુ આજના સમયમાં યાંત્રિક સાધનોથી બનેલા કારખાનાઓ સામે તે સ્પર્ધા આપી ન શક્તા, મૃત:પ્રાય પરિસ્થિતિમાં રહ્યો છે. આ વણાટ ઉદ્યોગ એ ગ્રામ્ય વિસ્તારનો મુખ્ય વ્યવસાયમાંનો એક છે. જ્યારે તેમાં ભારતીય વસ્તી ગણતરીના 2011ના આંકડા પ્રમાણે ભારતની 68.84% વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં જ્યારે 31.16% વસ્તી શહેરોમાં વસે છે.(3) ગ્રામ્ય વિસ્તારમાં પણ વણાટ ઉદ્યોગ દ્વારા યોગ્ય રોજગારી ન મળતી હોવાથી ખૂબ જૂજ પ્રમાણમાં આ ઉદ્યોગ આજે ચાલી રહ્યો છે.

આ સંદર્ભે આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાતનાં સૌરાષ્ટ્રમાં માંગરોળ, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, કચ્છ બાદ ઉતર ગુજરાતમાં મહેસાણા, પાટણ વગેરે વિસ્તારમાં વણાટ ઉદ્યોગ હાલમાં વેંટીલેટર પર છે. તેનું કારણ આજના આધુનિક યુગમાં માણસો હાથ વણાટના કાપડને બદલે મીલોન તૈયાર કાપડનો વધુ ઉપયોગ કરવા લાગ્યો છે. જેથી વણાટ ઉધોગમાં જોઈએ તેટલા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થતી નથી. તેમજ ખુદ વણાટ ઉધોગનો આખો આધાર જેના ખંભા પર છે તેવા વણકરોનાં સંતાનો તેના વારસદાર પણ રોજગારીના પ્રશ્નના કારણે વણાટકામમાં રસ ન લેતા કારખાનાઓ કે અન્ય વ્યવસાયમાં જોડાઈ જાય છે. (4) સરકાર દ્વારા અવારનવાર યોજનાઓ ઘડીને તેનો અમલ અને પ્રચાર કરવામાં આવે છે પરંતુ જ્યાં સુધી લોકોને તેની મહતા ન સમજાય ત્યા સુધી વણાટ ઉધોગને ખાસ પ્રોત્સાહન ન મળતા તેની હાલત વધુને વધુ ખરાબ બનવાની છે. સુરેન્દ્રનગરમાં પણ વણાટ ઉધોગ ધીમે ધીમે નષ્ટ થઈ રહ્યો છે. કેમ કે ખૂદ વણાટકામનાં કારીગરોના વંશજો સંતાનો જ ખૂદ આ વ્યવસાયમાં ન જોડાઈ અન્ય વ્યવસાયમાં જોડાઈ જાય છે. જે ભારતીય વણાટ ઉધોગ માટે માઠા પરિણામો લાવશે.

આમ, ભારતીય હસ્તકલામાં વસ્ત્ર વણાટના સર્વશ્રેષ્ઠ અને શિરમોર સભામાં અત્યત મુલ્યવાન એવુ કલાપુર્ણ વણાટકામના કારીગરો કે કસબીઓ વણકર કુટુંબો છે. વટાણકામ વણવાનો કસબ માત્ર આ કારીગરો જ પરંપરાથી કરતા આવ્યા છે. જે વણકર કુટુંબોમાં પેઢીગત ઉતરી આવેલા છે. (5)

**વણાટ ઉદ્યોગનુ વર્ગીકરણ :**

વણાટ ઉધોગની બાબતમાં આપણે આગળ જાણીએ તે પહેલા આપણે વણાટ સમજીએ કે જેનો અર્થ વણવું એવો થાય છે જ્યારે 'ઉધોગ' એટલે કુદરત દ્વારા પ્રાપ્ત થતી પેદાશોને ઉપયોગમાં લઈ શકાઈ તેવી બનાવવાની પ્રક્રિયાની પ્રવૃતિને ઉધોગ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવીની જરૂરિયાતો પુરી કરવા માટે કાચા માલમાંથી તૈયર ચીજવસ્તુઓ બનાવવાની પ્રક્રિયાને 'ઉધોગ' કહે છે.

નીચે પ્રમાણે કેટલાક ભાગોમાં વણાટ ઉધોગોનુ વર્ગીકરણ કરવામાં આવે છે.

- રેશમી કાપડ ઉદ્યોગ
- ઊની કાપડ ઉદ્યોગ
- સુતરાઉ કાપડ ઉદ્યોગ
- શણીયુ કાપડ ઉદ્યોગ
- કૃત્રિમ કાપડ ઉદ્યોગ

❖ રેશમી કાપડ ઉદ્યોગ :

❖ રેશમનાં રેસાઓની શોધ ચીનમાંથી થઈ છે. ચીનમાં કોશેટોને ગરમ પાણીમાં ઉકાળીને તેમાંથી રેસાઓ કઢવાની પ્રક્રિયાની શોધ કરવામાં આવી હતી. આ શોધ દ્વારા તેઓએ રેશમનુ ઉત્પાદન માત્ર અને માત્ર શાહિ પરિવાર સુધી જ સિમિત રાખ્યુ હતુ. ઉપરાંત તેઓ અન્ય દેશો સાથે પોતાના સંબંધો વિકસાવવા કે વધુ સારા કરવા માટે આ રેશમનાં કપડાઓ ભેંટમાં આપતા હોવાના ઐતિહાસિક પુરાવાઓ પણ આપણને મળી આવે છે. આથી જોઈએ તો રેશમની શોધ ચીનમાંથી થઈ પરંતુ રેશમ બનાવવાની પ્રક્રિયાને તેઓએ સદીઓ સુધી ગુપ્ત રાખી હતી.

VIDHYAYANA

❖ ભારતમાં પણ રેશમી કાપડનો ખાસ પ્રકારના ઉમરાવ કુટુંબો તેમજ રાજપરિવાર જ ઉપયોગ કરતા હતો. હાલમાં આધુનિક યુગ હોય દરેક વ્યક્તિ ભારતીય બંધારણ પ્રમાણે સ્વતંત્ર છે. માટે પોતે જેતે વસ્તુની યોગ્ય કિંમત ચુકવીને જે ઇચ્છે તે સુવિધા પોતે મેળવી શકે છે. ભારતમાં રેશમનાં મુખ્ય ઉત્પાદકોમાં કર્ણાટક, પશ્ચિમ બંગાળ, પંજાબનુ લુધિયાણા અને જમ્મુ કાશ્મીર મુખ્ય છે. જ્યારે ગુજરાતમાં સુરત, જામનગર, અમદાવાદ રેશમનુ કાપડ અને રેશમાંના વસ્ત્રોનુ ઉત્પાદન કર્તા મહત્વનાં કેન્દ્રો છે. આ રેશમનાં દોરાનુ કાંતણ કરી મીલોમાં તેમાંથી કાપડ વણવામાં આવે છે.

❖ ઊની કાપડ ઉદ્યોગ :

❖ ઊનએ સામાન્ય રીતે પ્રકૃતિ દ્વારા મેળવાતા કુદરતી રેસા છે.. તેના ઉત્પાદન ઘેટામાંથી કરવામાં આવે છે. માલધારીઓ ઘેટાંનુ પશુપાલન કરતા હોય છે. જેમાંથી તેમને ખાતર, ઊન, દૂધ અને માંસ પ્રાપ્ત થાય છે. આથી વણાટ ઉધોગનાં ઊન વિભાગમાં માલધારીઓ પણ મુખ્ય ઘટક તરીકે જોડાયેલા છે. ઊનનો મોટાભાગે ઉપયોગ ગરમ કપડા તરીકે ગરમી મેળવવા થાય છે.

ભારતમાં આ ઉધોગનાં મુખ્ય કેન્દ્ર પંજાબ છે જ્યારે ગુજરાતમાં જામનગર, વડોદરા અને અમદાવાદ છે. ઊનને ઘેટામાંથી વાળ સ્વરૂપે મેળવવામાં આવે છે. ત્યારબાદ એ ઘેટાના વાળમાંથી મીલો દ્વારા કાપડ બનાવવામાં આવે છે. જેમાંથી ગરમ કાપડા બનાવવામાં આવે છે. જેવા કે સ્કાપ, સ્વેટર, મોજા, ટોપી, ઊનના તોરણો, ગરમ કાનપટ્ટી વગેરે બનાવવામાં આવે છે. જે માર્કેટમાં વેચાણાર્થે મુકાતા આપણે ખરીદી તેનો ઉપયોગ કરીએ છીએ.

❖ સુતરાઉ કાપડ :

વણાટ ઉધોગમાં મુખ્ય અને મહત્વનું જો કોઈ વણાટ હોય તો તે સુતરાઉ કાપડનું વણાટ છે. તેના માટે પહેલા રૂ લેવામાં આવે છે, આ રૂ માંથી પુણીઓ બનાવવામાં આવે છે. આ પુણીઓને હાથ દ્વારા ચાલતા મશીનમાં નાખી દોરા બનાવવામાં આવે છે. આ દોરાઓને હાથશાળ કે જેમાં ધોડા શાળ અને ખાડા શાળનો સમાવેશ થાય છે. તેના પર ચડાવી શટલની મદદથી કાપડ વણવામાં આવે છે. તૈયાર થયેલા કાપડને માર્કેટમાં મૂકી વહેંચવામાં આવે છે. જેનાથી આર્થિક ઉપાર્જન થાય છે. સુતરાઉ કાપડ જે લોકો પહેરતા હોય તેઓથી આર્થિક ઉપાર્જન થાય છે. ઉપરાંત સુતરાઉ કાપડ જે લોકો પહેરતા હોય તેઓ અન્ય કાપડનો ઉપયોગ કરતા નથી. કેમ કે તે ઉનાળામાં ગરમીને બદલે ઠંડક આપે છે.(6)

આ પ્રક્રિયામાં રૂની પુણી બનાવવા માટે ગમે તે સમાજ કાર્ય કરતો હોય છે. ત્યારબાદ તેના દોરા બનાવવા માટે પણ ગમે તે સમાજ કાર્ય કરે છે. પરંતુ આ દોરાઓને શાળ પર ચડાવી કાપડ વણવામાં મોટા ભાગે વણકરો જ હોય છે. કેમ કે તેમનો વારસાગત વ્યવસાય ઉપરાંત તેઓ વણાટકામમાં કુશળ અને હોંશિયાર હોય છે.

આ વણકર લોકો દ્વારા વણાયેલ સુતરાઉ કાપડ પ્રમાણમાં જાડુ હોય છે. આથી તે ટકાઉમાં લાંબો સમય ચાલે તેવુ હોય છે. જ્યારે મીલો દ્વારા બનાવવામાં આવેલ કાપડ પ્રમાણમાં પતલુ અને આયુષ્ય ટુંકુ હોય છે આથી ગ્રામ્ય વિસ્તારનાં ઘણાખરા લોકો હાથવણાટનાં સુતરાઉ કાપડનો વધુ ઉપયોગ કરે છે. જેમાંથી મોટા ભાગે ધોતીયા, ઝભ્ભા, પછેડી, હાથ ગરણા, ટુવાલ વગેરે વસ્તુઓનો ઉપયોગ થાય છે.

આ સુતરાઉ કાપડના વણાટ ઉધોગમાં પહેલા તે મોટાભાગે માનવશ્રમ પર આધારીત હતો. જ્યારે હાલમાં ઘણાખરા વિસ્તારોમાં વિજળીથી ચાલતા સંચાઓ નાખવામાં આવ્યા છે. જેમા સુરેન્દ્રનગરમાં પણ આ વિજળીથી ચાલતા સંચાઓનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. જે વણાટ ઉધોગમાં માનવશ્રમની ઘટ સર્જે યંત્રને પ્રોત્સાહન આપતા વણાટ ઉધોગમાં મળતી રોજગારી બાબતમાં વધુ ઘટાડો થાય છે કે કરે છે. જે વણાટ ઉધોગનો વિકાસ સંદર્ભે પડ્યા પર પાટુ સ્વરૂપે જોઈ શકાય છે.

આજે જોઈએ તો ભારતમાં સુતરાઉ કાપડની 1000 થી પણ વધુ મીલો છે. તેમા આશરે મુખ્ય રીતે 700 મીલો છે. જ્યારે બાકીની કાંતણ તથા વણાટ કરતી મીલો છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉધોગનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ અને સુરત છે. ઘણા સમયથી કારખાનામાં જ કૃત્રિમ રેસા ઉત્પન કરતી પધ્ધતિ શોધાઇ છે. તેમાંથી રેયોન, નાયલોન, ફાયબર, સ્ટેપલ વગેરે પ્રકારનું રેસાયુક્ત કાપડ બનાવવામાં આવે છે અને આ રીતે કાપડમાં જુદી જુદી રીતે તેનો ઉપયોગ કરવામાં આવે છે. નાયલોનના રેસામાંથી મજબુત દોરીઓ બનાવવામાં આવે છે. જે માચ્છીમારી જેવા ઉધોગમાં ખુબ કામ આવે છે.

❖ શણનુ કાપડ :

શણનું ઉત્પાદનએ દલદલીય પ્રકારની જમીનમાં થાય છે. શણને પાણીની ખુબ જ જરૂર પડે છે. આથી શણના છોડનુ વાવેતર એવા વિસ્તારોમાં થતુ હોય છે. જ્યાં ખુબ પુષ્કળ પ્રમાણમાં પાણીની માત્રા ઉપલબ્ધ હોય છે. ભારતમાં પશ્ચિમ બંગાળએ શણનુ મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે. આ ભાગ એ ગંગા નદીનો ડેલ્ટા વિસ્તાર છે, જેમાં ગંગાનાં પાણીને કારણે શણના છોડને જોઈતુ જરુરી પાણી મળી રહે છે. આ ડેલ્ટા

બાંગ્લાદેશમાં પણ આવેલો છે. આથી આ ડેલ્ટા વિસ્તારમાં શણનુ પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. બાંગ્લાદેશએ શણના ઉત્પાદનમાં વિશ્વમાં મોખરે છે. જ્યારે ભારત એ શણની બેગ(કોથળા) બનાવવામાં વિશ્વમાં પ્રથમ નંબરે આવે છે. આમ, ભારતમાં બાંગ્લાદેશમાંથી કાચુ શણ આયાત કરવામાં આવે છે. શણની બનાવટમાં નિકાસમાં પણ ભારત પ્રથમ ક્રમે આવે છે. શણના કાપડમાંથી કોથળા, કંતાન બનાવવામાં આવે છે. ઉપરાંત શણના રેસામાંથી ગૃહિણીઓ તોરણો, હિંચકાઓ વગેરે બનાવે છે.

❖ કૃત્રિમ રેસા :

કૃત્રિમ રેસાઓમાં જોઈએ તો નાયલોન, એક્રેલીક, પોલીસ્ટર, રેયોન વગેરે પ્રકારનાં રેસાઓનો સમાવેશ થાય છે. આ રેસાઓ માણસે પોતાની જરૂરિયાત મુજબ કૃત્રિમ રીતે પ્રયોગશાળાઓમાં ઉત્પાદીત કરીને, આજે તેનુ ઔધોગીક ક્ષેત્રે પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે. આ રેસાઓમાંથી બનાવવામાં આવતા કાપડનુ પણ એક વિશાળ બજાર છે. તે પણ કાપડ ઉધોગમાં પોતાનો ભાગ પ્રદર્શિત કરે છે. પરંતુ તે જ્વલનશીલ હોય છે.

**ઉપસંહાર :**

વણાટ ઉધોગ એ ભારતીય હસ્તકલામાં સમાવેશ થતો એક ઉધોગ છે. તે ઘર-ઘરનાં પરિવારના સભ્યો દ્વારા ચાલતો ગૃહઉધોગ છે. તેમાં ઘરમાંનો દરેક વ્યક્તિ પોતાનો ફાળો આપી રોજગારી મેળવતો વ્યવસાય છે. ભારતીય સમાજમાં ગ્રામ્ય વસ્તી વધુ હોવા ઉપરાંત આપણે ત્યા સંયુક્ત કુટુંબની વ્યવસ્થા હોવાથી આ વ્યવસાય સારા એવા પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો હતો. પરંતુ આધુનિક યુગમાં યંત્ર ઉધોગની હરીફાઈને કારણે તેનો વિકાસ રૂંધાઈ ગયો છે. ઉપરાંત તેની માંગ

પણ ઘટી ગઈ છે. આથી એક સમયનો મુખ્ય વ્યવસાયમાનો આ વણાટ ઉદ્યોગ આજે હાંસીયામાં ધકેલાતા ગૌણ વ્યવસાય બની જવા પામ્યો છે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા અવારનવાર કરવામાં આવતા પ્રોત્સાહનરૂપી પ્રયાસો અને યોજનાઓ હોવા છતા પણ આજના આ આધુનિક યુગમાં તેની માંગ ઓછી થઇ તેમજ યંત્ર ઉદ્યોગ સામે તે ટકી ન શક્તા તેની હાલત નાજૂક બની જવા પામી છે. આપણે સ્વદેશી અપનાવવાની વાતો તો કરીએ છીએ પરંતુ વિદેશી વસ્તુઓના આપણે એવા તો ચાહક બની ગયા છીએ કે આપણને ખબર પણ નથી કે દેશનુ શુ છે અને વિદેશનુ શુ ? આપણે જ આપણા આ પ્રાચીન વારસાના વ્યવસાયને પ્રોત્સાહન નહી આપીએ તો તે પણ એક સમયે માત્ર નામનો જ વ્યવસાય રહી જશે. જેના જવાબદાર માત્ર અને માત્ર આપણે જ છીએ કે જેઓ વિદેશી વસ્તુઓ તો ખૂબ હોંશે હોંશે અપનાવે છે પરંતુ દેશની વસ્તુઓને ગણકારતા પણ નથી.

**સંદર્ભ :**

1. પ્રાચીન ભારતનો ઇતિહાસ, સી જમનાદાસની કંપની

2. ભારતના વણકરો, પ્રો. મનુભાઈ એચ. મકવાણા

3. વસ્તી ગણતરી ભારત-2011

4. ભારતના વણકરો, પી. એ. પરમાર

5. અણહીલ ભરવાડની આરસી, પી. બી. ભાટકર

6. ઉકાભાઈ રાઠોડની રૂબરૂ મુલાકાત, હસ્તવણાટની મંડળીમા કામ કરતા કારીગર